ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર



### પ્રોટોકોલનો ભંગ | સબ સ્ટેશનના લોકાર્પણમાં સ્થાનિક પ્રતિનિધિઓની બાદબાકી થતા વિવાદ

# સંતરામપુરમાં આમંત્રણ પત્રિકામાંથી સાંસદ-ધારાસભ્યના જ નામ ગાયબ!

**નેતાઓની** ગેરહાજરીથી રાજકીય આલમમાં ગરમાવો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૮

સંતરામપુરના આંબા ગામે રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં યોજાયેલ 66 KV સબ સ્ટેશનનું લોકાર્પણ વિકાસના કામ કરતાં વધુ રાજકીય વિવાદને કારણે ચર્ચામાં આવ્યું છે. જેટકો દ્વારા છપાયેલ આમંત્રણ પત્રિકામાં પ્રોટોકોલનો ભંગ કરી સ્થાનિક દિગ્ગજ નેતાઓના નામ ન છપાતા રાજકીય કાવતરાની આશંકા વચ્ચે કાર્યક્રમ વિવાદોના વમળમાં ફસાયો છે.




સંતરામપુર તેમજ ગોધરા તાલુકાના 16 ગામોના પાંચ હજારથી વધુ ગ્રાહકોને 24 કલાક વીજળી પૂરી પાડવાના હેતુથી 12.66 કરોડના ખર્ચે તૈયાર થયેલા 66 KV સબ સ્ટેશનનું આજે રાજ્ય મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે, આ સરકારી કાર્યક્રમમાં જેટકો તંત્રની મોટી બેદરકારી સામે આવી છે.

આ કાર્યક્રમની આમંત્રણ પત્રિકામાં મહીસાગર જિલ્લા પંચાયતના પ્રમુખ અને સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખ જેવા 'પ્રથમ નાગરિકો' સહિત સ્થાનિક ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર તેમજ સાંસદ જસવંતસિંહ ભાભોરના નામ ગાયબ જોવા મળ્યા હતા. પોતાની અવગણના થતા આ પૈકીના એક પણ મહાનુભાવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા ન હતા, જેને પગલે મંત્રીની હાજરી હોવા છતાં કાર્યક્રમમાં રાજકીય શૂન્યાવકાશ જોવા મળ્યો હતો.

#### ભૂલ કે સુનિયોજિત કાવતરું?

રાજકીય વર્તુળોમાં આ ઘટનાને લઈને ભારે ચર્ચા જાગી છે કે, શું આ માત્ર એક વહીવટી ભૂલ હતી કે પછી કોઈ સુનિયોજિત કાવતરું? સમર્થકોમાં પણ આ મુદ્દે અનેક સવાલો ઉઠી રહ્યા છે. સરકારી તંત્ર દ્વારા પ્રોટોકોલના આટલા ગંભીર ભંગને કારણે વિકાસનો ઉત્સવ રાજકીય ગજગ્રાહમાં ફેરવાઈ ગયો છે.

## ખેડા પાસે કારના કાચ તોડી લેપટોપ ચોરાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

ખેડાના હરિયાળા પાસે કારમાંથી લેપટોપ ચોરી થયું હતું.

પુણેની મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરતા પૃથ્વીજીતસિંહ પરમાર અને તેમના મિત્રો પેવર બ્લોક મશીનની ખરીદી માટે ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. બપોરે આશરે સવા બે વાગ્યાની આસપાસ તેઓ હાઈવે પર આવેલી મયુરી હોટલ સામે પોતાની ટાટા નેક્સન કાર લોક કરીને જમવા ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ કારનો પાછળનો કાચ તોડી ડિકીમાં મુકેલી લેપટોપની બેગની ચોરી કરી હતી. ચોરી થયેલી બેગમાં 40,000ની કિંમતનું એપલ મેકબુક અને 20,000નું એચપી કંપનીનું લેપટોપ તથા અન્ય એસેસરીઝ મળી કુલ 65,000નો સામાન હતો. આ ઘટના અંગે પૃથ્વીજીતસિંહે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ગુનો નોંધ્યો હતો.

# કપડવંજમાંથી ગુમ યુવતીની લાશ કૂવામાંથી મળી આવી

**કપડવંજ રૂરલ પોલીસે** મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસનો ધમધમાટ શરૂ કર્યો



(પ્રતિનિધિ) કપડવંજ તા.૮

કપડવંજ તાલુકાના કાશીપુરા ગામે છેલ્લા ત્રણ દિવસથી રહસ્યમય રીતે ગુમ થયેલી ૨૩ વર્ષીય યુવતીની લાશ શનિવારની બપોરે ગામના જ એક કૂવામાંથી મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

આ ઘટનાની વિગત મુજબ, કાશીપુરા ગામની જાગૃતિબેન વિશાલકુમાર સોલંકી (ઉ.વ. ૨૩) છેલ્લા ત્રણ દિવસથી ગુમ હતી. પરિવારજનો અને સ્થાનિકો દ્વારા તેની સઘન શોધખોળ કરવામાં આવી રહી હતી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. દરમિયાન, આજે બપોરે આશરે ૧ વાગ્યાના અરસામાં ગામના જ એક કૂવામાં યુવતીની લાશ પાણીની સપાટી પર તરતી જોવા મળી હતી.

આ ઘટનાની જાણ થતાં જ કપડવંજ રૂરલ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સ્થાનિકોની મદદથી મૃતદેહને કૂવામાંથી બહાર કઢાવીને પોસ્ટમોર્ટમ માટે કપડવંજની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

યુવતી કયા સંજોગોમાં કૂવામાં પડી અથવા તેના મોત પાછળનું ચોક્કસ કારણ શું છે ? તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા થઈ નથી. પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો.

## ભાલેજ નજીક મહિલાને કારમાં બેસાડી લૂંટ ચલાવી

**મહિલા પર જીવલેણ** હુમલો કરી મહીસાની સીમમાં ફેંકી દીધી

(પ્રતિનિધિ) મહુધા તા.૮

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે, જ્યાં ડાકોર-નડિયાદ રોડ પર આવેલી પણસોરા ચોકડીએથી વાહનની રાહ જોતી એક મહિલાને ઈકો કારના ચાલકે નિશાન બનાવી હતી. ચાલકે મહિલાને કારમાં બેસાડી રસ્તામાં લોખંડની ટોમી વડે જીવલેણ હુમલો કર્યો હતો અને મહિલાના પગમાંથી રૂ. 1 લાખની કિંમતના ચાંદીના કડલાની લૂંટ ચલાવી હતી. હુમલાખોર લૂંટારુ મહિલાને બેભાન હાલતમાં જ મહીસા ગામની સીમમાં ફેંકીને ફરાર થઈ ગયો હતો.

મહુધા તાલુકાના કપરૂપુર ગામના સુમિત્રાબેન 4 ઓગસ્ટના રોજ પણસોરા ચોકડીએ વાહનની રાહ જોઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. તેઓ ઘરે ન પહોંચતા પરિવારે શોધખોળ આદરી હતી, જે દરમિયાન 5 ઓગસ્ટના રોજ તેઓ કઠલાલની એક હોસ્પિટલ નજીકથી ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. હાલમાં મહિલા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને મહુધા પોલીસે જીરો નંબરથી ફરિયાદ નોંધી વધુ તપાસ ભાલેજ પોલીસને સોંપી છે.

ખેડા જિલ્લાના હાઈવે પર અગાઉ પણ મુસાફરોને લૂંટી લેવાના બનાવો બન્યા છે. આ ઈકો ચાલક કોઈ સંગઠિત ગેંગનો સાગરીત છે કે કેમ ? તેની તપાસ કરવી પોલીસ માટે મોટો પડકાર છે.

# કપડવંજમાં ડિવાઈડર પર ધરાશાયી થયેલા વીજપોલથી અકસ્માતનો ભય

**કપડવંજ-મોડાસા** મુખ્ય માર્ગ પર ગરોડ ચોકડી નજીક જોખમી વીજ થાંભલો

**લાંબા સમયથી** પડેલા થાંભલાને હટાવવા તંત્રની ઉદાસીનતા



(પ્રતિનિધિ) કપડવંજ તા.૮

કપડવંજના મોડાસા મુખ્ય માર્ગ પર આવેલી વ્યસ્ત ગરોડ ચોકડી ખાતે રસ્તાની વચ્ચે ડિવાઈડર પર સ્ટ્રીટ લાઈટનો થાંભલો લાંબા સમયથી ધરાશાયી હાલતમાં પડ્યો છે. સતત વાહનોની અવરજવર ધરાવતા આ માર્ગ પર પડેલો આ થાંભલો વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનું જોખમ ઊભું કરી રહ્યો છે, છતાં સંબંધિત વિભાગ દ્વારા હજુ સુધી તેને દૂર કરવાની તસ્દી લેવામાં આવી નથી.

કપડવંજથી મોડાસા તરફ જતા વ્યસ્ત માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં કાર, ટ્રક, બસ અને બાઈક જેવા વાહનો પસાર થાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રાત્રિના અંધકારમાં અથવા વરસાદી વાતાવરણમાં જ્યારે દશ્યતા ઓછી હોય છે, ત્યારે રસ્તાની વચ્ચે પડેલો આ થાંભલો વધુ જોખમી બની જાય છે. કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાય તેવી ભીતિ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે આ સમસ્યા નવી નથી, પરંતુ જવાબદાર વિભાગ આ બાબતે આંખ આડા કાન કરી રહ્યો છે. જાણે તંત્ર કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોઈ રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલમાં સ્થાનિકોએ માગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ ધરાશાયી થાંભલો દૂર કરી ત્યાં નવો લાઈટનો થાંભલો નાખવામાં આવે, જેથી વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

## કઠલાલ નજીક વાહનની ટક્કરે વૃદ્ધાનું કરૂણ મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

ખેડા જિલ્લાના કઠલાલ પાસેથી પસાર થતા અમદાવાદ-ઈન્દોર હાઈવે પર વધુ એક લોહિયાળ અકસ્માતની ઘટના સામે આવી છે. હાઈવે પર ઓવરબ્રિજ નજીક રાત્રિના સમયે એક અજાણ્યા વાહને 60 વર્ષીય વૃદ્ધાને જોરદાર ટક્કર મારતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રાત્રે આશરે સાડા દસ વાગ્યાની આસપાસ એક અજાણ્યા વૃદ્ધા કઠલાલ હાઈવે પર ઓવરબ્રિજથી બાલાસિનોર તરફ જતા માર્ગ પર રસ્તો પસાર કરી રહ્યા હતા. આ દરમિયાન પૂરઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહને વૃદ્ધાને અડફેટે લેતા તેઓ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. ટક્કર એટલી ભયંકર હતી કે વૃદ્ધાને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત સર્જ્યા બાદ વાહન ચાલક માનવતા દાખવવાને બદલે અંધારાનો લાભ લઈ પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને રાહદારી મહેશભાઈ ભોઈ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. કઠલાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. મરણ જનાર વૃદ્ધાએ ગુલાબી રંગની સાડી પહેરેલી છે, જોકે તેમની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. આ અંગે પોલીસે મહેશભાઈ ભોઈની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખેડા કલેક્ટર દ્વારા કપડવંજના ગામોની મુલાકાત અને વિકાસકાર્યોની સમીક્ષા કરાઇ



**કપડવંજ** | ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે દાણા, કાશીપુરા અને વ્યાસવાસણા ગામોની મુલાકાત લઈ વિવિધ વિકાસકાર્યો અને સરકારી યોજનાઓના અમલીકરણની સ્થળ પર સમીક્ષા કરી હતી. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોના પોષણ અને આરોગ્યની સ્થિતિ ચકાસી, પાયાની સેવાઓ દરેક જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કાશીપુરા ખાતે રાત્રીસભા યોજી ગ્રામજનોના પ્રશ્નો સાંભળ્યા અને સ્થાનિક પ્રશ્નોનું સ્થળ પર જ ત્વરિત નિરાકરણ લાવવા વહીવટીતંત્રને જરૂરી સૂચનાઓ આપી હતી.

### કરમસદસ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલને નર્સિંગક્ષેત્રે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરાઇ



**આણંદ** | કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી સંચાલિત શ્રીકૃષ્ણ હોસ્પિટલને નર્સિંગ સેવાઓમાં ઉત્કૃષ્ટતા બદલ 'બેસ્ટ હોસ્પિટલ ઇન નર્સિંગ એક્સેલન્સ (વેસ્ટર્ન ઇન્ડિયા)' એવોર્ડ એનાયત થયો છે. હૈદરાબાદમાં આયોજિત ચોથી આઈ.સી.સી. નેશનલ નર્સિંગ સમિટમાં ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલના પ્રમુખના હસ્તે આ ગૌરવપૂર્ણ સન્માન આપવામાં આવ્યું હતું. હોસ્પિટલના ચીફ નર્સિંગ ઓફિસર સુનિલ જોશીએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો, જે સ્ટાફની દર્દી સુરક્ષા અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સારવારના સમર્પણની કદર કરે છે. આ સફળતા હોસ્પિટલની દર્દીકેન્દ્રિત અને ગુણવત્તાસભર આરોગ્યસેવાઓ પ્રદાન કરવાની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

### કપડવંજ લાયન્સ ક્લબ દ્વારા દિવ્યાંગ બાળકોને પૌષ્ટિક આહારનું વિતરણ કરાયું



**કપડવંજ** | લાયન્સ ક્લબ કપડવંજના સેવા સપ્તાહ નિમિત્તે શારદા સંકુલના દિવ્યાંગ બાળકોને મનીષભાઈ શાહના સહયોગથી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ક્લબના પ્રમુખ મુકેશ તલાટી, મંત્રી દિનેશ પટેલ અને સંકુલના CEO ભરત મકવાણા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેવા સપ્તાહના આગામી દિવસોમાં આંગણવાડીના બાળકોને પૌષ્ટિક આહાર અને જરૂરિયાતમંદ મહિલાઓને ડ્રેસ વિતરણ કરવાનું આયોજન છે. લાયન્સ ક્લબ ઓફ કપડવંજ દ્વારા સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ માનવતાવાદી અને સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

### વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનની મંત્રી કૌશિક વેકરિયાએ મુલાકાત લીધી



**સેવાલીયા** | વણાકબોરી પાવર સ્ટેશનની મંત્રી કૌશિક વેકરિયાએ મુલાકાત લઈ વીજ ઉત્પાદન, ટેકનિકલ કામગીરી અને પ્લાન્ટની કાર્યક્ષમતાની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે ખાસ કરીને યુનિટ નં. ૮ - સુપર ક્રિટિકલ યુનિટની મુલાકાત લઈ અત્યાધુનિક ટેકનોલોજી અને ઉત્પાદન ખર્ચ અંગે સ્થળ પર માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન ઓછા ખર્ચે મહત્તમ અને ગુણવત્તાસભર વીજ ઉત્પાદન સતત જળવાઈ રહે તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. મંત્રીએ કર્મચારીઓની નિષ્ઠાપૂર્વકની કામગીરીની પ્રશંસા કરી ભવિષ્યમાં પણ આ જ ટીમ સ્પિરિટ સાથે કામ કરવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### વીરપુર એપીએમસી ખાતે 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત મહિલા જાગૃતિ શિબિર યોજાઇ



**વીરપુર** | વીરપુરના એપીએમસી હોલ ખાતે મહિલા કલ્યાણ દિવસ નિમિત્તે આયોજિત આ શિબિરમાં ભાજપ પ્રદેશ મંત્રી મુક્તિબેન જોષી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહિલાઓને રાજ્ય સરકારની સશક્તિકરણ યોજનાઓ, સુરક્ષા અને કાયદાકીય અધિકારો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. RSETI સંસ્થા દ્વારા બહેનોને નિ:શુલ્ક તાલીમ, સ્વરોજગારની તકો અને બેન્કિંગ ક્ષેત્રની વિવિધ યોજનાઓ અંગે ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ શિબિરમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ સરકારી યોજનાઓ અને માર્ગદર્શનનો લાભ મેળવ્યો હતો.

### કપડવંજના મહમદપુરા પ્રાથમિક શાળા ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા 'ગુરુ વંદન'ની ઉજવણી કરાઇ



**કપડવંજ** | મહમદપુરા પ્રાથમિક શાળા અને ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે શાળા પરિસરમાં ભાવસભર 'ગુરુ પૂજન' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. એપીએમસી ચેરમેન નિલેશભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે આ સંસ્કારવર્ધક કાર્યક્રમની શરૂઆત થઈ હતી. વિદ્યાર્થીઓએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ શિક્ષકોનું પૂજન કરી, પુષ્પહાર પહેરાવી અને ચરણ સ્પર્શ કરી ગુરુ-શિષ્ય પરંપરાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ ઉપસ્થિત પ્રતિનિધિઓએ બાળકોને ભારતીય સંસ્કૃતિનું મહત્વ સમજાવ્યું હતું અને શાંતિ મંત્ર સાથે કાર્યક્રમનું ભાવપૂર્ણ સમાપન થયું હતું.

### ખેડાના ફાગવેલ તાલુકા કોંગ્રેસની કારોબારી બેઠક લાડવેલ ખાતે યોજાઇ



**કપડવંજ** | ફાગવેલ તાલુકા કોંગ્રેસની મહત્વની બેઠક લાડવેલ ખાતે યોજાઈ હતી, જેમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા અને જનહિતના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ચીખલોડ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં વિજયી બનેલા ઉમેદવારનું ઉષ્માભર્યું સ્વાગત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ બિમલભાઈ શાહ અને જિલ્લા પ્રમુખ મહેન્દ્રસિંહ રાણાની ઉપસ્થિતિમાં અનેક આગેવાનો કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. આ બેઠકમાં આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### મહીસાગર જિલ્લા અદાલત ખાતે મેડિકલ ક્લિનિકનો પ્રારંભ



**સંતરામપુર** | મહીસાગર જિલ્લા અદાલત ખાતે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સંચાલિત મેડિકલ ક્લિનિક કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ક્લિનિકનું ઉદ્ઘાટન મહીસાગરના જિલ્લા જજ, એડિશનલ સેશન્સ જજ અને જિલ્લા આરોગ્ય અધિકારીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ ન્યાયાધીશો, સરકારી વકીલો, જિલ્લા વકીલ મંડળના પ્રમુખ, વકીલો તેમજ કોર્ટનો સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

